**આજનો સુવિચાર**

જે ઘરમાં પાંચ થી દસ સારા પુસ્તકો ન હોય ત્યાં દિકરી આપતા વિચાર કરજો.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૨ જૂનાગઢ તા.૨૯-૯-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 242, Junagadh : Date : 29 September, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ઓકટોબરનાં બીજા સપ્તાહમાં જ પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી તારીખો જાહેર થઈ જવાની વકી

નવી દિલ્હી તા. ૨૯ : રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમ વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ ઓકટોબરના બીજા સપ્તાહમાં વાગશે. ચૂંટણીપંચ ૮ થી ૧૫ ઓકટોબર વચ્ચે આ પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણી કાર્યક્રમની ઘોષણા કરી શકે છે. ચૂંટણી પંચ આજથી રાજસ્થાનના ત્રણ દિવસની મુલાકાતે જશે. અને આગામી સપ્તાહે જ તેલંગાણાનું મુલાકાતે જશે. પાંચ ઓકટોબરે તેલંગાણાની મુલાકાતથી પાછા ફરીને ચૂંટણી પંચ સમગ્ર સમીક્ષા કરીને ચૂંટણીનું એલાન કરશે.

ગત વખતે ૨૦૧૮માં ૬ ઓકટોબરે ચૂંટણી ઘોષણાની સાથે આચારસંહિતા લાગુ કરવામાં આવી હતી. આ વખતે આ ઘોષણા અંદાજે એક સપ્તાહ મોડેથી કરવામાં આવશે. ચૂંટણી અંતિમ તૈયારીઓની સમીક્ષા માટે ચૂંટણી પંચ ત્રણ રાજયોની મુલાકાત કરી ચૂકયું છે. પંચ છત્તીસગઢમાં ૨૪ ઓગસ્ટ, મિઝોરમમાં ૨૯ ઓગસ્ટ અને મધ્યપ્રદેશમાં ૪ સપ્ટેમ્બરે મુલાકાત કરવા પહોંચ્યા હતા.

ચૂંટણી પંચની ટીમ રાજસ્થાની મુલાકાત કર્યા બાદ ઓકટોબરથી તેલંગાણાના ત્રણ દિવસ મુલાકાત કરશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ચૂંટણી વાળા દરેક રાજયોમાં રાજયોના ચૂંટણી વિભાગ ચૂંટણીની તૈયારીઓ અંતિમ ચરણમાં છે.

## ગુજરાતનાં યુવાનોમાં હાર્ટએટેકથી મૃત્યુનું પ્રમાણ સતત વધી રહયું છે : દર ૭ મિનિટે એક હાર્ટ ઈમરજન્સી

નવી દિલ્હી, તા.૨૯: ગુજરાતમાં જુવાનીયાઓ હૃદયરોગની બિમારીના શિકાર થઈ રહ્યા છે ૧૦૮ ઈમર્જન્સી સર્વિસના આંકડાઓ દર્શાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં ૨૦૨૩માં હાર્ટ ઈમર્જન્સીના કોલમાં નોંધપાત્ર ૨૮ ટકાનો વધારો થયો છે. ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ૧૦૮ને કાર્ડીયાક ઈમર્જન્સીના ૪૬૧૫૫ કોલ મળ્યા જેનો અર્થ એ કે રોજના ૧૭૩ કોલ અથવા દર કલાકે ૭ કોલ, ૨૦૨૨માં રાજયમાં ૪૯૩૨૧ કોલ કાર્ડીયા ઈમર્જન્સી આવ્યા હતા એટલે કે રોજના ૧૩૫ અથવા દર કલાકે ૫.૬ કોલ. અમદાવાદ શહેરની જ વાત કરીએ તો ત્યાં કાર્ડીયાક ઈમર્જન્સી કોલમાં ૩૦ ટકાનો વધારો થયો છે. શહેરમાં ૨૦૨૩માં રોજના ૫૫૨ કોલ સરેરાશ મળ્યા હતા. ૨૦૨૨માં આ સંખ્યા મળી ૪૦ હતી. આજે વિશ્વ હૃદય દિવસે, વધુ ચોંકાવનારી વાત એ છે કે કાર્ડીયાક ઈમરજન્સીના અડધા કેસો યુવાઓ એટલે કે ૫૦ વર્ષથી નીચેની વયના છે જયારે ૨૧ થી ૪૦ વર્ષની વયજૂથના કેસ ૨૫ ટકા છે. યુવા લોકો હાર્ટએટેકથી અચાનક મૃત્યુ સતત જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૮ દિવસમાં ૭ યુવા વ્યકિતઓના હાર્ટએટેકથી મોત થઈ ચુકયા છે.

## રેરા રજીસ્ટ્રેશન વિના પ્રોજેકટનું વેચાણ કરનારા બિલ્ડરો સામે કડક કાર્યવાહી કરાશે

અમદાવાદ,તા.૨૯

ઘર-મિલ્કત ખરીદતા ગ્રાહકોને છેતરપીંડીથી બચાવવા માટે 'રેરા' દ્વારા વધુ એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે જે અંતર્ગત રેરા રજીસ્ટ્રેશન થયા પુર્વે જ આવાસ-પ્રોપર્ટીના વેચાણ શરૂ કરી દેવા પર દંડ ફટકારવામાં આવશે.

બિલ્ડરો દ્વારા પ્રોજેકટ લોન્ચ કરાયા પુર્વે અથવા રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની નિયમન પ્રક્રિયા પૂર્ણ કરાયા પુર્વે જ 'સોફટ બુકીંગ' શરૂ કરી દેવાતુ હોય છે. રેરાની મંજુરી મળ્યા પુર્વેના આ વેચાણમાં કિંમત પણ પ્રમાણમાં ઓછી રખાતી હોય છે જે રેરાના નિયમોના ભંગરૂપ છે. બિલ્ડરો-ડેવલપરો આ રીતે વેચાણ કરી શકતા નથી એટલું જ નહીં ગ્રાહકો પણ કાયદા હેઠળ રક્ષણ મેળવી શકતા નથી. બિલ્ડરોના આ પ્રકારના કારસ્તાનો સામે 'રેરા'ને ફરિયાદો મળી છે અને તેના આધારે તંત્ર દ્વારા સોશ્યલ મીડીયા મારફત કરી દેવાતા પ્રચાર-પ્રિબુકીંગ પર 'વોચ' રાખવાનુ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ગુજરાત રેરાના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે રેરામાં રજીસ્ટ્રેશન વિના બિલ્ડર કે ડેવલપર બુકીંગ શરૂ કરી શકતા નથી. પરંતુ કેટલાંક વખતથી ધ્યાનમાં આવ્યું છે કે બિલ્ડરો ભવિષ્યના પ્રોજેકટોને અગાઉથી પ્રમોટ કરી રહ્યા છે. રેરા રજીસ્ટ્રેશન વિના જ આ પ્રકારની પ્રવૃતિ થઈ ન શકે. આવા બિલ્ડરો-પ્રોજેકટોની ઓળખ મેળવવા માટે સોશ્યલ મીડીયા પર વોચ રાખવાનું શરૂ કરાયું છે અને તેના આધારે બિલ્ડરોને નોટીસો પણ ફટકારવામાં આવી છે.

તેઓએ કહ્યું કે રેરા રજીસ્ટ્રેશન વિના જ પ્રોજેકટનું વેચાણ કે માર્કેટીંગ કરવાનું પ્રતિબંધીત છે. કાયદાની કલમ ૩ હેઠળ બિલ્ડરને કુલ પ્રોજેકટ ખર્ચના ૧૦ ટકા સુધીનો દંડ થઈ શકે છે. ૨૦૨૧માં ગીફટ સીટીના પ્રોજેકટમાં રેરા રજીસ્ટ્રેશન વિના જ માર્કેટીંગ શરૂ કરી દેનાર બિલ્ડરને ૧૦ લાખની પેનલ્ટી ફટકારીને દાખલો બેસાડયો હતો.

## કાવેરી જળ વિવાદ મામલે આજે કર્ણાટક બંધ : ધરપકડનો દોર

બેંગ્લુરુ તા.૨૯ : કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે કાવેરી જળ વિવાદ સતત વધતો જ જાય છે. કાવેરી નિયામક સમીતી દ્વારા તમિલનાડુને ૩૦૦૦ કયુસેક પાણી છોડવાના આદેશ બાદ કર્ણાટકમાં મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ મામલે આજે કર્ણાટક બંધનું એલાન વિવિધ કિસાન સંગઠનો દ્વારા અપાતા આજે કર્ણાટક બંધનું એલાન અપાયું છે.

બંધને લઈને ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઈ હતી. સાથે સાથે શનિવારે માંડયા અને બેંગ્લુરુમાં બધી સ્કુલો અને કોલેજોમાં બંધ જાહેર કરાયું છે. ઉલ્લેખનીય છે કે કાવેરી નિયામક સમીતી દ્વારા તામિલનાડુને ૩૦૦૦ કયુસેક પાણી છોડવાના આદેશ બાદ કર્ણાટકમાં મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. અનેક સંગઠનો નારા લગાવી રહ્યા છે કે કાવેરી નદી તેમની છે. કર્ણાટક રક્ષણા વેદિકેના કાર્યકર્તાઓએ કાવેરી જળ મુદે રાજયના સાંસદો અને સિદ્ધારમૈયા સરકાર સામે બેંગ્લુરુમાં મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન કરાયા હતા. દરમિયાન કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે કાવેરી જલ નિયામક સમીતી (સીડબલ્યુઆરસી)ના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારશું.

## ગુજરાતનાં ૨૬ ટકાથી વધુ વૃધ્ધો એક કરતા વધુ બિમારીનો ભોગ

નવી દિલ્હી તા. ૨૯ : લાઈફસ્ટાઈલના કારણે થતા રોગો યુવાનોને ઝપટમાં લઈ રહ્યા છે ત્યારે દેશના વૃધ્ધ નાગરિકો પણ એકથી વધુ ગંભીર બિમારીઓના શિકાર થઈ રહ્યા હોવાનું યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના ઈન્ડીયા એજીંગ રિપોર્ટ ૨૦૨૩માં કહેવાયું છે.

ગુજરાતમાં મલ્ટી મોર્બીડીટી વૃધ્ધોમાં ૨૬ ટકા છે જે દેશભરની સરેરાશ ૨૩.૩ ટકા કરતા વધારે છે. આ આંકડાઓ પર ધ્યાન આપવું જરૂરી છે કેમકે યુએનએફપીએના રિપોર્ટ અનુસાર દેશના વૃધ્ધો (૬૦ વર્ષથી વધુ વયના) દેશની વસ્તીના લગભગ ૨૦.૮ ટકા થઈ જશે જે ૨૦૨૨ના ૧૦.૮ ટકા કરતા લગભગ બમણા છે. ૨૦૪૬ સુધીમાં ભારતમાં વૃધ્ધોની વસ્તી ૧૪ વર્ષ સુધીના બાળકોની વસ્તી કરતા વધી જવાની શકયતા છે. જયારે ૧૫ થી ૫૯ વર્ષની વયના લોકોની વસ્તીમાં ઘટાડો જોવા મળશે.

રિપોર્ટમાં કહેવાયું છે કે મલ્ટી મોર્બીડીટી ધરાવતા વૃધ્ધો નબળા આરોગ્ય, વધતી ઉંમર અને સીમિત આરોગ્ય વિષયક માહિતી તથા ડીપ્રેશન અને એન્ઝાઈટી જેવી અન્ય તકલીફોના કારણે વધારે જોખમ પર હોય છે.

ભારતીય આરોગ્ય સીસ્ટમ માટે મલ્ટી મોર્બીડીટી એક મહત્વનો મુદો ટુંક સમયમાં સાબિત થશે. કેમકે દેશના ૬૮.૫ ટકા વૃધ્ધ નાગરિકો પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ નથી. ૨૦૩૬ સુધીમાં ગુજરાતની કુલ વસ્તીમાં ૧૫ ટકા વૃધ્ધો હશે

## પાકિસ્તાનનાં બલુચિસ્તાનમાં ભયાનક વિસ્ફોટ : ૧૩ના મોત : ૭૦ ગંભીર

ઈસ્લામાબાદ તા. ૨૯ : પાકિસ્તાનનાં બલુચિસ્તાન પ્રાંતમાં આજે બનેલી એક ઘટનામાં પ્રચંડ વિસ્ફોટ કરવામાં આવતા ઓછામાં ઓછા ૧૩ લોકોનાં મોત થયા છે અને ૭૦ લોકોને ગંભીર ઈજા થઈ હોવાનું પ્રાથમિક અહેવાલમાં જણાવાયું છે. જો કે, પ્રત્યક્ષદર્શીઓનાં જણાવ્યા મુજબ આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે મૃત્યુઆંક ઘણો ઉંચો જઈ શકે છે. ઘટના સ્થળે અત્યંત ક્ષત વિક્ષત અનેક શબો જોવા મળી રહયા છે.

## કેનેડામાં ખાલિસ્તાનીઓ બેફામ : ખુલ્લેઆમ તલવારો લહેરાવીને ભારતીયોઓને ધમકી આપે છે




નવી દિલ્હી, તા.૨૯ ખાલિસ્તાનીઓ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓ વિરુદ્ધ તેમની નાપાક યોજનાઓ ચાલુ રાખે છે. આનો પુરાવો એક પોસ્ટર પરથી મળે છે, જે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના ત્રણ મહિના પછી પણ ઉતારવામાં આવ્યું નથી. હાલમાં નિજ્જરના મોતને લઈને ભારત અને કેનેડામાં તણાવ વધી રહ્યો છે. વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આ હત્યા ભારતીય એજન્ટો સાથે સંકળાયેલી હોવાની શંકા વ્યક્ત કરી હતી.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, ત્રણ મહિના પછી પણ કેનેડાના સરે શહેરમાં એક પોસ્ટર લગાવવામાં આવ્યું છે, જેમાં ભારતીય રાજદ્વારીઓની હત્યા કરવાનું કહેવામાં આવ્યું છે. અહેવાલ છે કે કેનેડાના અધિકારીઓએ ખાલિસ્તાન સમર્થકોને પોસ્ટર હટાવવા માટે કહ્યું છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પ્રક્રિયામાં હજુ એક પોસ્ટર લાગેલું છે.

રિપોર્ટ અનુસાર પોસ્ટર પર નિજ્જરના ફોટો સાથે ત્રણ ભારતીય રાજદ્વારીઓની તસવીરો પણ સામેલ છે. 'સર્ચ ફોર મર્ડર' એવું પણ લખેલું છે. જૂન મહિનામાં મનસારી શહેરમાં જ નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારપછી ખાલિસ્તાની સમર્થકોએ કેનેડાના અનેક શહેરોમાં ઘણી જગ્યાએ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યા હતા.

## અમદાવાદમાં ખાલિસ્તાની આતંકવાદી પન્નુ સામે એફઆઈઆર નોંધાઈ

અમદાવાદ તા. ૨૯ ભારત સામે બેફામ વકતવ્યો કરીને તેમજ કેનેડામાં વસવાટ કરી રહેલા હિન્દુઓને ખુલ્લેઆમ ધમકી આપનાર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુએ તમામ મર્યાદાઓ ઓળંગી જઈને ભારત સરકારને ખુલ્લો પડકાર ફેંકતો હોય તેમ આગામી તા. ૪ ઓકટોબરથી દેશમાં ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ રહયો છે ત્યારે ક્રિકેટ વર્લ્ડકપની મેચ દરમ્યાન ત્રાસવાદી હુમલો કરવાની પન્નુએ ધમકી આપતા તેની ગંભીર નોંધ લેવામાં આવી છે અને આધારભૂત સુત્રોનાં જણાવ્યા મુજબ અમદાવાદ પોલીસે પન્નુ સામે એફઆઈઆર નોંધી હોવાનું જાણવા મળેલ છે.

## સત્તાનાં નશામાં ભાન ભુલેલા કેનેડાનાં વડાપ્રધાન ટ્રુડો કુણાં પડયા : ભારત સાથે સારા સંબંધો માટે પ્રતિબધ્ધતા વ્યકત કરી



નવી દિલ્હી તા. ૨૯ : ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યા બાદ કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો ગંભીર તબક્કામાં પહોંચી ગયા છે. ભારતના કડક વલણ બાદ હવે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડો નરમ પડ્યા છે. ટ્રૂડોએ કહ્યું છે કે કેનેડા ભારત સાથે 'ગાઢ સંબંધો' બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ જણાવ્યું હતું કે ગયા જૂનમાં બ્રિટિશ કોલંબિયામાં શીખ નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકાર સામેલ હોવાના 'વિશ્વસનીય આરોપો' હોવા છતાં, કેનેડા હજુ પણ ભારત સાથે ગાઢ સંબંધો બનાવવા માટે પ્રતિબદ્ધ છે. મોન્ટ્રીયલમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ટ્રૂડોએ જણાવ્યું હતું કે તેઓ માને છે કે તે અત્યંત મહત્વપૂર્ણ' છે કે કેનેડા અને તેના સાથી દેશો ભારત સાથે 'રચનાત્મક અને ગંભીરતાથી' સંકળાયેલા રહે તે જરૂરી છે. વિશ્વમંચ ઉપર ભારતનું મહત્વ વધી રહ્યું છે.

તેમણે કહ્યું, 'ભારત એક વધતી જતી આર્થિક શકિત અને મહત્વપૂર્ણ ભૌગોલિક રાજકીય શકતિ છે. અને જેમકે અમે ગયા વર્ષે અમારી ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના રજૂ કરી હતી, અમે ભારત સાથે ગાઢ સંબંધો બાંધવા માટે ખૂબ જ ગંભીર છીએ. અને દેખીતી રીતે, કાયદાના નિયમના દેશ તરીકે, અમારે એ વાત પર ભાર મૂકવાની જરૂર છે કે ભારતે એ સુનિશ્ચિત કરવા માટે કેનેડા સાથે કામ કરવાની જરૂર છે. કે આ બાબતની સંપૂર્ણ હકીકતો મેળવવામાં આવે.'

આ દરમિયાન નિજ્જરના મોત પાછળ ભારતનો હાથ હોવાનો આરોપ લગાવનાર કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડોને અમેરિકા તરફથી મોટો ઝટકો લાગ્યો છે. હકીકતમાં, ટ્રૂડોએ આશા વ્યક્ત કરી હતી કે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બલિંકન તેમના ભારતીય સમકક્ષ એસ જયશંકર સાથેની મુલાકાત દરમિયાન નિજ્જરની હત્યાનો મુદ્દો ઉઠાવશે. પરંતુ ભારતીય વિદેશમંત્રી એસ જયશંકર સાથે બલિંકનની મુલાકાત અંગે અમેરિકા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં નિજ્જર અને કેનેડાનો કોઈ ઉલ્લેખ નથી.

## આજથી શ્રાધ્ધનો પ્રારંભ

નવી દિલ્હી,તા. ૨૯ : ભાદરવા માસના આરંભે વિઘ્નહર્તા દેવની પૂજા-અર્ચના, આગતા સ્વાગતાની રોનક છવાઈ હતી. ૧૦ દિવસ સુધી બાપ્પાની આરાધના બાદ ગુરુવારે ભારે હૈયે વિદાય અપાઈ હતી. આજે શુક્રવારથી હિન્દુ સમુદાયમાં ભારે મહાત્મય ધરાવતા શ્રાદ્ધ પક્ષનો આરંભ થશે. આજથી ભાદરવા સુદ પૂનમથી શ્રાદ્ધ પક્ષની શરૂઆત થઈ છે. દરમિયાન આગામી ૧૬ દિવસ સુધી પિતૃતર્પણ, પિંડદાન સહિતની ધાર્મિક ક્રિયાનો દૌર જોવા મળશે. પ્રથમ દિવસે એકમનું શ્રાદ્ધ રહેશે. ૧૪ ઓક્ટોબરના રોજ સર્વપિતૃ અમાસ સાથે શ્રાદ્ધ પક્ષની પૂર્ણાહુતિ થશે.


**તાત્કાલિક ઓફિસ વેચાણ/ભાડેથી**

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. વણઝારી ચોક, વી. આર્કેડ ૩ જા માળે, રોડ સાઈડ CA કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**





**સ્ટાફ જોઈએ છે** અનુભવી / બિન અનુભવી

SWARAJ

સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર

જુનાગઢ, વિસાવદર, ભેસાણા, મેંદરડા

અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

**શ્રી યમુના ટ્રેકટર્સ**

લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.





**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે

**વહેલા તે પહેલાનાં ધોરણે**

તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**

જૂનાગઢ





**ખોડલધામ ટુર**

સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :

મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



જૂનાગઢમાં આપના દરેક બિઝનેશ માટે સફળતાની

**નવી પરિભાષા આપતું પ્રાઈમ લોકેશન**

7 CROSS SHOP & OFFICE

નવી આર.ટી.ઓ કચેરી તથા ખામધ્રોળ રોડ જેવા વિકસીત વિસ્તારોમાં વૃધ્ધિ અને સમૃધ્ધિની નવી તકો..

રેડી પઝેશન



કોર્પોરેટ ઓફીસ, બેંક, શો-રૂમ, લેબોરેટરી, મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્ટેલ, ટયુશન કલાસીસ, જીમ, ગવર્મેન્ટ ઓફીસ, ફીટનેશ સેન્ટર વગેરે માટે અહીં થાય છે નવી તકોનું નિર્માણ

- ભુકંપ પ્રતિરોધક સ્ટ્રકચર
- CCTV કેમેરા 24x7 સિકયોરીટી
- વિશાળ પાર્કીંગ સુવિધા
- હાઈસ્પીડ ઓટોડોર લીફટ
- ફાયર સેફટી સુવિધા

જીવન જરૂરી તમામ વસ્તુઓના પ્રત્યેક વેપારને વિકસાવવાની અને વિસ્તારવાની અમૂલ્ય તક

:: સાઈટ ::

ખોડીયાર મંદિર સામે, રેલ્વે ક્રોસીંગ પાસે, ખામધ્રોળ રોડ, જૂનાગઢ

:: બુકીંગ સંપર્ક ::

૯૨૨૭૮ ૧૨૧૧૮

# નાગરિકોની સુખાકારી વધારવા સાથે જૂનાગઢને લિવેબલ અને લવેબલ બનાવવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## જૂનાગઢમાં વિવિધ વિકાસ કાર્યો કરવા અને પ્રવાસન સ્થળો વિકસાવવા વધુ રકમ ફાળવવા સરકાર તૈયાર

જૂનાગઢ, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢમાં નવીનીકરણ પામેલા ઉપરકોટના કિલ્લા સહિત કુલમળીને રૂા.૪૩૮ કરોડથી વધુ રકમના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે તેમણે નાગરિકોની સુખાકારી વધારવા સાથે જૂનાગઢને લિવેબલ અને લવેબલ બનાવવાની નેમવ્યક્ત કરી હતી. આ સાથે જૂનાગઢમાં હજુ વધુ વિકાસકાર્યો કરવા તેમજ સુવિધાયુકત વિવિધ પ્રવાસન સ્થળો વિકસાવવા વધુ રકમ ફાળવવાની તૈયારી દર્શાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગેબહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોને સંબોધતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસકાર્યો અને સરકારી યોજનાઓના લાભો નાનામાં નાના અને છેવાડાના માણસોને મળે તેની હંમેશા ચિંતા કરી છે. તેના પગલે ચાલતા ગુજરાત સરકાર રાજ્યમાં વિકાસના કામો સારામાં સારી રીતે અને ગુણવત્તાયુક્ત થાય તેના માટે સતત પ્રયત્નશીલ છે. જૂનાગઢમાં આવેલી પૂર હોનારતનો સરકારી તંત્ર અને જૂનાગઢ મહાનગરપાલિકાએ સાથે મળીને સામનો કર્યો હતો, તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આવી સ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય તે માટે અવરોધરૂપ બાબતો દૂર કરવામાં આવશે. આ માટે તેઓએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હોવાનું પણ જણાવ્યું હતું. જૂનાગઢ મહાનગરમાં ચાલતા રોડના કામો સત્વરે પૂરા કરવા અંગે પણ તેમણે જણાવ્યું હતું. આ સાથે કહ્યું હતું કે, જૂનાગઢમાં અંડરગ્રાઉન્ડના વિકાસ કામો પૂર્ણ થઈ ગયા પછી, જમીન ઉપરના વિકાસકાર્યો માટે રાજ્ય સરકાર વધુ રકમ ફાળવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં વિવિધ પ્રવાસન સ્થળોનો ટુરિઝમ સર્કિટ તરીકે વિકાસ કરાઈ રહ્યો છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, જૂનાગઢ એક પ્રવાસન સ્થળ છે ત્યારે આ ક્ષેત્ર માટે જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા સરકાર તત્પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની સેવા પખવાડિયા તરીકે ઉજવણી કરાઈ રહી છે, ત્યારે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આવતી પહેલી તારીખે, બધા એક થઈને, એક સમયે, એક કલાક શ્રમદાન કરશે. સૌ નાગરિકોને પણ આ સ્વચ્છતા અભિયાનમાં એક કલાક શ્રમદાનમાં જોડાવા અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, સ્વચ્છતા એ કોઈ અભિયાન પૂરતી નહિ પણ સતત ચાલતી પ્રક્રિયા છે અને એ સૌની જવાબદારી છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનના નેતૃત્વમાં સંસદમાં પસાર થયેલા નારીશકિત વંદન બિલના સંદર્ભમાં કહયું હતું કે, હવે મહિલાઓની દેશના વિકાસમાં ભાગીદારી વધશે અને મહિલા સશિકતકરણને વેગ મળશે. જ્યારે રાજ્યના કૃષિ, પશુપાલન અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લા માટે ઐતિહાસિક દિવસ છે, સંત અને સુરાની ભૂમિ એવા ગરવા ગિરનારની ગોદમાં રૂા.૪૩૮ કરોડનાં વિકાસના વિવિધ પ્રકલ્પોની ભેટ થકી જૂનાગઢ જિલ્લાના લોકોની સુવિધામાં વધારો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા વિકાસના સૂત્રને સાર્થક કરતા, રાજ્યના ગામડાઓ સુવિધાયુક્ત બન્યા છે. પ્રાથમિક સુવિધા લોકોને સરળતાથી મળી રહી છે.





### પહેલી તારીખે એક સાથે, એક સમયે, એક કલાક સ્વચ્છતા માટે શ્રમદાનમાં જોડાવા મુખ્યમંત્રીનું આહવાન



# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક બગડૂનું લોકાર્પણ

## લોકોના સહકારથી વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો ધ્યેય સાકાર કરીશું : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

જૂનાગઢ, તા.૨૯

સંત, શૂરા અને સાવજની ધરતી જૂનાગઢ જિલ્લાના બગડૂ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી અને રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક બગડૂનું લોકાર્પણ તેમજ જૂથળ, ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા અને વડોદરાઝાલા શાખાનું ઈ-લોકાર્પણ તથા બિલખા શાખાનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. સૌ પ્રથમ બેંકના ચેરમેન અને વાઈસચેરમેન દ્વારા મુખ્યમંત્રીનું મોમેન્ટો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતું. જે પછી તમામ મહાનુભાવો દ્વારા મુખ્યમંત્રીનું ફૂલહારથી સ્વાગત કરાયું હતું. આ તકે બગડુના સેવાભાવી આગેવાન જગદિશભાઈ ડોબરિયા, અશોકભાઈ ડોબરિયા અને દિપકભાઈ ડોબરિયા દ્વારા મોમેન્ટો આપી મુખ્યમંત્રીને આવકાર આપવામાં આવ્યો હતો. જયારે બેંકના ચેરમેને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનું સ્વાગત કર્યુ હતું. આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યમંત્ર ’સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ’ના આધારે વિકાસની રાજનીતિને આગળ વધારી રહ્યાં છીએ ઉપરાંત સહકારથી સમૃદ્ધિ સુધીનો ધ્યેય હશે તો જ આપણે વિકાસના પથ પર આગળ વધીશું. સહકારી ક્ષેત્રે ઝડપથી ધિરાણ મળી રહે અને નાનામાં નાના માણસને જોઈતી જરૂરિયાત મળી રહે એવી સુવિધા છે. છ દાયકા પહેલા ૬૮ લાખની ડિપોઝીટ સાથે શરૂ કરેલી બેંક ૧૩૦૦ કરોડ રૂપિયાની બેંક બની છે તો એ તમામની સહભાગીદારીથી અને સારી કામગીરીના લીધે સંસ્થા આગળ વધી છે. આમ વડાપ્રધાનશ્રીની દીઘર્દ્રષ્ટિ અને સુદ્રઢ કાર્યનિષ્ઠાના પરિણામે નાનામાં નાનો માણસ મુખ્ય ધારામાં આવે એવા વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આઝાદીના અમૃતકાળમાં આપણે પ્રવેશ્યા છીએ ત્યારે સહકારથી વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સૂત્રને સાકાર કરવા અને સ્વચ્છતા અભિયાનમાં ભાગીદારી નોંધાવવા મુખ્યમંત્રીએ લોકોને અપીલ કરી હતી આ તકે સ્વાગત પ્રવચન જૂનાગઢ જિલ્લા સહકારી બેંક પ્રમુખશ્રી કિરિટભાઈ પટેલે જયારે પ્રાસંગિક ઉદબોધન કૃષિ મંત્રી રાઘવજી પટેલે કર્યુ હતું. ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે વિસાવદર તાલુકાના ખેડૂત મનસુખભાઈ વઘાસિયા અને બિલખા ગામના સોઢા અફઝલભાઈનું અકસ્માતમાં અવસાન થતાં જેડીસીસી બેંક દ્વારા તેમના પરિવારજનોને ૧-૧ લાખના અકસ્માત વિમાના ચેક અર્પણ કરાયા હતાં.







### જૂથળ, સુત્રાપાડા અને વડોદરાઝાલા શાખાનું ઈ-લોકાર્પણ તથા બિલખા શાખાનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો

# પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં નારી શક્તિ વંદન અધિનિયમ-૨૦૨૩ પસાર કરવા બદલ જૂનાગઢની મહિલા શક્તિ દ્વારા વધામણા

## જૂનાગઢની ૩૩ જેટલી મહિલા સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માનિત કર્યા









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત જૂનાગઢ મહિલા ફેડરેશન અને જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા એક નારીશક્તિને ઉજાગર કરતો કાર્યક્રમ યોજાઈ ગયો. લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવા બદલ જૂનાગઢની ૩૩ જેટલી મહિલા સંસ્થાઓદ્વારા ધન્યવાદ સમારોહ યોજાયો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સ્મૃતિચિન્હ અર્પણ કરી માનભેર પોખણા કરવામાં આવ્યા હતા. નારી શક્તિ વંદન બિલ અને મહિલાલક્ષી વિવિધ યોજનાઓની ઉતમ માહિતી આપ્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નારી શક્તિને વંદન કરતા જણાવ્યું કે, આપણી ભારતીય સંસ્કૃતિમાં નારી શક્તિ હંમેશા અગ્રસ્થાને રહી છે. આપણે રાધાકૃષ્ણ, સીતારામ કહીએ છીએ, તે નારી શક્તિનું મહત્વ ઉજાગર કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નારી શક્તિ વંદન બિલ -૨૦૨૩ પસાર કરીને નારીશક્તિનું ગૌરવ વધાર્યું છે. ત્યારે આપ સૌ વતી પ્રધાનમંત્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મુખ્યમંત્રીએ કહ્યું કે મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં આગળ વધી છે, ડોક્ટર એન્જિનિયર, પાયલોટ બનવાની સાથે રમત ગમતના ક્ષેત્રમાં પણ ખૂબ મોટું સન્માન મેળવ્યું છે. ત્યારે વિકસિત ભારત બનાવવાની દિશામાં નારી શક્તિનું ખૂબ મોટું યોગદાન હશે. અંતમાં સૌને સાથે મળી આગળ વધવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું. આ વિશેષ સમારોહમાં ધારાસભ્ય સંજય કોરડીયા કે અન્ય પદાધિકારીઓએ મંચ ઉપર સ્થાન ન લેતા મહિલા આગેવાનોએ મંચ ઉપર સ્થાન લીધું હતું. સમગ્ર આયોજન - સંચાલન અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ નારીશક્તિ એ દીપાવી હતી. લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ બદલ મુખ્યમંત્રીનું શ્રી પરશુરામ ફાઉન્ડેશન મહિલા પાંખ, અસ્મિતા પ્રાઉડ ટુ બી વુમન, શ્યામ મહિલા મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ, શ્રી સમસ્ત બ્રહ્મયુવા ટ્રસ્ટ મહિલા પાંખ, હરીપ્રબોધમ મહિલા સત્સંગ મંડળ, ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન, vyo વુમન કિંગ, આહિર મહિલા મંડળ, સરદાર ધામ, સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાખ, બીએપીએસ મહિલા મંડળ, શ્રીગોડ બ્રહ્મ જાગૃતિ મહિલા મંડળ, ઓલ ઈન્ડિયા વિમેન્સ એસોસિએશન-આરએનએફ ૧૯૫, ગિરનારા મહિલા મંડળ, પ્રગતિ મહિલા મંડળ, શ્રી સહિતા મહિલા મંડળ, લેડીસ કલબ, નારી શક્તિ, શ્રી જલારામ રઘુવંશી મહિલા મંડળ, લોહાણા મહિલા મંડળ, વીરબાઈ ગ્રુપ, શ્રી ઉમા મહિલા મંડળ, શ્રી ઉમા ધામ ગાઠીલા મંદિર મહિલા, ઉમા મહિલા સંગઠન સમિતિ, સોરઠ સેવા વુમન્સ ગ્રુપ, શ્રી નાથળિયા ઉનેવાળ સત્સંગ મંડળ, કંસારા મહિલા મંડળ, ગુજરાત મહિલા સંગઠન સમિતિ દ્વારા માનભેર પોખણા કરવામાં આવ્યા હતા. આ તકે આલ્ફા વિદ્યા સંકુલના ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીનું પુષ્પહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય કાર્યક્રમનું સંચાલન -સંકલન ગાયત્રીબેન જાની એ કર્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, મેયર ગીતાબેન પરમાર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, અગ્રણી જ્યોતિબેન વડારીયા, બ્રહ્માકુમારીના બીના દીદી સહિતના મહિલા હોદેદારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## ભારતને મિલેટ્સનું ગ્લોબલ હબ બનાવવા અભિયાન

મિલેટ્સ એટલે કે જાડાં ધાન્ય એટલે કે બરછટ અનાજ પર એ કહેવત સંપૂર્ણ રીતે ચરિતાર્થ થાય છે કે 'પુરુષ બલી નહીં હોત હૈ, સમય હોત બલવાન.' હરિત ક્રાંતિના દોરમાં જે જાડાં ધાન્યો ગરીબોની થાળી સુધી જ સીમિત થઈ ગયાં હતાં, આજે તે વિદેશી મહેમાનોની થાળીમાં પણ પીરસાઈ રહ્યાં છે. હાલમાં સંપન્ન જી-૨૦ શિખર સંમેલન અને તેના પહેલાં દેશભરમાં થયેલ આ સમૂહની અન્ય બેઠકોમાં મહેમાનોના સ્વાગતથી માંડીને હોટેલના ખાવા-પીવા સુધી દરેક જગ્યાએ દેશી ટચ આપવામાં આવ્યો. વિદેશી નેતાઓને જાડાં ધાન્ય જેમ કે જુવાર, બાજરી અને રાગીથી બનેલા પકવાન પીરસવામાં આવ્યા. વિદેશી મહેમાનોએ મિલેટથી બનેલા નાસ્તાની જ્યાફત દેશી ચ્હા સાથે માણી. તેનાથી ભારતના જાડાં ધાન્યોનું આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડિંગ થયું. જાડાં ધાન્યો પ્રત્યે લોકોને જાગૃત કરવા માટે ૨૦૨૩ને 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' જાહેર કરવામાં આવ્યું છે. આના પહેલાં ૨૦૧૮માં ભારતે રાષ્ટ્રીય સ્તર પર જાડાં ધાન્યોનું વર્ષ ઉજવ્યું હતું. મિલેટ્સમાં જાડાં અને નાના દાણાવાળાં અનાજ સામેલ હોય છે. મુખ્ય જાડાં ધાન્યોમાં જુવાર, બાજરી, રાગી આવે છે તો નાના અનાજોમાં કુટકી, કાંગણી, કોદરી અને સામો સામેલ છે. તેમાં કેલ્શિયમ, આયર્ન અને ફાઈબર સહિત કેટલાય પોષક તત્ત્વો જોવા મળે છે. તેથી મિલેટ્સને સુપરફૂડનો દરજ્જો આપવામાં આવ્યો છે.

આજે જાડાં ધાન્ય આકર્ષક પેકિંગમાં મોટા-મોટા શોપિંગ મોલમાં વેચાઈ રહ્યાં છે. દુનિયાના કેટલાય દેશોમાં આ અનાજોની માંગ વધવા લાગી છે. પોષક તત્ત્વોની ભરપૂર હાજરી અને બીમારીઓ સામે લડવાની અદ્ભૂત ક્ષમતાને જોતાં જાડાં ધાન્ય દેશની પોષણ સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. તેથી ચિકિત્સા જગત જાડાં ધાન્યોને ભોજનમાં સામેલ કરવાની તરફદારી કરી રહ્યા છે. હવે સરકારે પણ જાડાં અનાજોથી બનેલ પ્રોસેસ્ડ ઉત્પાદનોને નાસ્તા અને ભોજનની થાળીમાં સામેલ કરવાની યોજના બનાવી છે. પ્રોસેસ્ડ ઉત્પાદનોને સ્થાનિક લોકોની ઉંમર અને સ્વાદને અનુરૂપ બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દેશની ૪૨ ટકા જનસંખ્યાનો મુખ્ય આહાર સ્ટાર્ચ યુક્ત ભોજન છે અને ૬૦ કરોડ લોકો ગંભીર રૂપે કુપોષિત છે. જાડાં ધાન્યથી બનેલ આહારને ભોજનમાં સામેલ કરવાથી કુપોષણની સમસ્યાનું સ્વતઃ સમાધાન થઈ જશે. સ્વાસ્થ્ય માટે ફાયદેમંદ હોવાને કારણે જાડાં ધાન્ય હવે દુનિયાભરમાં ભોજનનો હિસ્સો બની રહ્યાં છે. કેટલાય દેશોએ ઘઉંને બદલે જાડાં ધાન્યોને પોતાના રોજના ભોજનમાં સ્થાન આપ્યું છે. જાડાં ધાન્યોમાં આયર્નની સારી માત્રા હોય છે. તે ગ્લુટેન ફ્રી હોવાને કારણે શરીર માટે ફાયદેમંદ છે અને તેનાથી ડાયાબિટીસ જેવી બીમારીને નિયંત્રિત કરવામાં પણ ભારે મદદ મળે છે.

જાડાં ધાન્યોની ખેતી મોટાભાગે નાના અને સીમાંત ખેડૂતો કરે છે. હવે નવા ઉદ્યમી આ ખેડૂતો સાથે જોડાઈને જાડાં ધાન્યોને આમ જનતાની થાળી સુધી પહોંચાડવામાં લાગ્યા છે. આ ધાન્યો ઉગાડવા માટે ઓછા પાણીની જરૂર પડે છે અને તેનો પાક મોસમી ઉતાર-ચડાવ આસાનીથી સહન કરી લે છે. તે કાર્બન અવશોષણમાં પણ સહાયક છે. ઘઉં-ધાન્યની તુલનામાં આ પાકને તૈયાર થવાની અવધિ પણ ઓછી છે. તેથી જળવાયુ પરિવર્તનના દોરમાં જાડાં ધાન્યો આશાનું કિરણ લઈને આવ્યાં છે.

વડાપ્રધાન મોદી ખેડૂતોની આવક વધારવામાં જાડાં ધાન્યોની ભૂમિકાનો ઉલ્લેખ કરી ચૂક્યા છે. તેમણે તેને એક આંદોલન બનાવવા અને ભારતને મિલેટ્સનું ગ્લોબલ હબ બનાવવાની પણ વકીલાત કરી છે. આ જ કડીમાં સંસદ ભવનની કેન્ટિનમાં જાડાં ધાન્યથી બનેલ વ્યંજનોને સામેલ કરવામાં આવ્યાં છે. જાડાં ધાન્યના પૌષ્ટિક ગુણોને જોતાં ૫૦ વર્ષ બાદ સૈનિકોના આહારમાં જાડાં ધાન્યની વાપસી થઈ છે. ઉત્તર પ્રદેશની યોગી સરકાર જાડાં ધાન્યોના પ્રોસેસ એકમો લગાવનારને ૧૦૦ ટકા અનુદાન આપી રહી છે. બજારોમાં જાડાં ધાન્યો માટે અલગથી વેચાણ કેન્દ્ર બનાવવામાં આવશે. ગ્રામ્ય વિકાસ વિભાગ તેને બ્લોકથી લઈને ગ્રામ પંચાયતો અને ત્યાંના હાટ બજારો સુધી વિસ્તાર આપશે. તેનાથી બનેલ ભોજન હોટલોના ખાનપાનમાં સામેલ કરવામાં આવશે. બાળકોને પણ જાડાં ધાન્ય વિશે જાણકારી હોય, તેના માટે જાડાં ધાન્યોને પ્રાઈમરી સ્કૂલોના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. મધ્યાહ્ન ભોજન, પુષ્ટાહાર, સાર્વજનિક વિતરણ પ્રણાલીમાં જાડાં ધાન્ય સામેલ કરી લેવામાં આવ્યાં છે. સ્વયં સહાયતા સમૂહોને જાડાં ધાન્યોના ઉત્પાદનો તૈયાર કરવા માટે પ્રશિક્ષિત કરવામાં આવશે. જળવાયુ પરિવર્તનને કારણે ઘઉં-ધાન્યની ખેતીમાં વધતી કઠિનાઈઓ અને ખર્ચને જોતાં સરકાર ટેકાના ભાવે જાડાં ધાન્યોની દેશવ્યાપી સરકારી ખરીદી અને તેને જાહેર વિતરણ પ્રણાલી અંતર્ગત વિતરિત કરવાની યોજના પર કામ કરી રહી છે.

દુનિયાના ૧૩૦ દેશોમાં જાડાં ધાન્યોની ખેતી થાયછે અને આ અનાજ એશિયા-આફ્રિકાના ૫૦ કરોડ લોકોનો પારંપરિક આહાર છે. હવે મોદી સરકાર જાડાં ધાન્યોને વૈશ્વિક બ્રાન્ડ બનાવી રહી છે. તેના માટે વિશ્વના કેટલાય દેસોમાં જાડાં ધાન્ય આધારિત પ્રદર્શન આયોજિત થઈ રહ્યાં છે. નાબાર્ડે જાડાં ધાન્યોની નિકાસને ઉત્તેજન આપવાની કાર્યયોજના તૈયાર કરી છે. તેના માટે તેણે કૃષિ, ગ્રામીણ સ્ટાર્ટઅપ માટે ૬૦૦ કરોડ રૂપિયાનું કેપિટલ ફંડ બનાવ્યું છે. તેનો ઉપયોગ જાડાં ધાન્ય આધારિત સ્ટાર્ટઅપને ઉત્તેજન આપવા માટે કરવામાં આવે છે. તેના માટે નાબાર્ડે 'નબવેંચર' નામની કંપની બનાવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતે ૭૫.૪ કરોડ ડોલરનાં જાડાં ધાન્ય નિકાસ કર્યાં છે, જેને ૨૦૨૫ સુધી વધારીને ૧૦૦ કરોડ ડોલર કરવાનું લક્ષ્ય છે. ભારત પોતાના જાડાં ધાન્ય નિકાસના ૫૫ ટકા સંયુક્ત અરબ અમીરાત અને સઉદી અરબને કરે છે. આ બધા પગલાંની આવનાર વર્ષોમાં સકારાત્મક અસરો જોવા મળશે.

### ૨ દિવસના ભારે વરસાદથી ડેમ છલકાતાં ખેડૂતો ખુશખુશાલ

# ગીર સોમનાથની જીવાદોરી ગણાતો શિંગોડા ડેમ ઓવરફ્લો



ગીર સોમનાથ, તા.૨૯ શિંગોડા ડેમ જામવાળા સ્થિત ગીર સોમનાથનો આ જંગલ વિસ્તારમાં આવેલો છે. ડેમની આજુબાજુનો વિસ્તાર રિઝર્વ ફોરેસ્ટ હોઈ ડેમના અધિકારી અને કર્મચારી સિવાય અન્ય કોઈને આ ડેમ પર જવા દેવામાં આવતા નથી. શિંગોડા ડેમનો સ્ત્રાવ વિસ્તાર ૧૪ કિલોમીટરનો છે. ગીર મધ્યનાં કનકાઈનાં ડુંગર વિસ્તારમાંથી શીંગવડો નદીનું મુખ આવેલું છે. શીંગવડો નદીની કુલ લંબાઈ ૮૨ કિલોમીટરની છે. કનકાઈ થી શરૂ થઈ ગીરનું જંગલ ચીરી જામવાળા પહોંચતી આ નદી પર ૧૯૭૮ માં વિશાળ ડેમ બાંધવામાં આવ્યો છે. આ ડેમને શિંગોડા ડેમ તરીકે ઓળખવામાં આવે છે. આ ડેમમાં વિપુલ માત્રામાં પાણીનો સંગ્રહ થાય છે. ખેડૂતો, સામાન્ય નાગરિકો અને વન્ય પ્રાણીઓ માટે આ ડેમ જીવાદોરી સમાન છે. આ ડેમમાં બે નદી અને ગીર જંગલમાંથી પસાર થતા ૧૫૦ જેટલા નાના મોટા ઝરણાનું પાણી સંગ્રહાય છે. જોકે હાલ ચોમાસું ગુજરાતમાંથી વિદાય લેવાની તૈયારીમાં છે, ત્યારે છેલ્લા બે દિવસથી ગીર જંગલ અને ગીર સોમનાથ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે અને ગીર સોમનાથ જિલ્લાના કેટલાય વિસ્તારો ૧ થી લઈ અને ૩ ઇંચ સુધી વરસાદ નોંધાયો છે. ત્યારે ગીર જંગલમાં મુશળધાર વરસાદ નોંધાયો છે. જેને કારણે શિંગોડા ડેમ ઉપરવાસમાં છેલ્લા બે દિવસમાં ૫ થી ૬ ઇંચ વરસાદ નોંધાતા આખરે ચોમસાની વિદાય વેળાએ કોડીનાર તાલુકાના અનેક ગામોને પીવા અને સિંચાઈ માટે પાણી પૂરુ પાડતો શિંગોડા ડેમ આખરે તેની પૂર્ણ સપાટીએ ભરાયો છે, અને જેના કારણે સિંચાઈ વિભાગ સહિત કોડીનાર તાલુકાના આમ લોકો અને ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. ગીર જંગલમાં હાલ ભારે વરસાદ પડવાની કારણે જંગલમાં આવેલાં શિંગોડા ડેમની આસપાસના વિસ્તારે જાણે લીલી ચાદર ઓઢી હોય તેવા દ્રશ્યો પણ દેખાઈ રહ્યા છે. શિંગોડા ડેમ માંથી વહેતુ પાણી અફાટ સ્વરૂપે ગીરની ગોદમાં કિલ્લોલ કરતી શીંગવડા નદી માં વહી રહી હોય તેવું આ દ્રશ્યોમાં દર્શાઈ રહ્યું છે. અને વરસાદ બાદ ગીરની વનરાજી ખીલી ઉઠી છે. સમગ્ર ગીરની દરેક જગ્યા કણે કણ, વૃક્ષો, વનિતાઓ ખીલી ઉઠયા છે. શાંત અને નીરવ વાતાવરણમાં પક્ષીઓ કિલ્લોલ કરી રહ્યા છે. વૃક્ષો જાણે હસતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ગીર સોળે કળાએ ખીલી રહ્યું છે. અને સમગ્ર ગીર લીલુંછમ જોવા મળી રહ્યું છે. આંખોને ઠારતા દ્રશ્યો આવી સ્મરણીય બન્યા છે.

## શ્રાદ્ધ નું મહત્વ



શ્રાદ્ધ કર્મને પિતૃ યજ્ઞ પણ કહેવામાં આવે છે. જ્યારે મનુષ્ય દેહછોડી જીવ આત્મા સ્વરૂપે જાય છે ત્યારે તેની સૂક્ષ્મ વાસનાઓ પોતાના પરિવારજનો પ્રત્યે રહેતી હોય છે. આમ, પરિવારના મૃત્યુ પામેલા સભ્યોને તૃપ્ત કરવાની પ્રક્રિયા એટલે શ્રાદ્ધ. જેમ દેવતાઓને પ્રસન્ન કરવા માટે દેવ યજ્ઞ કરવામાં આવે છે, તેમ પિતૃઓને પ્રસન્ન કરવા માટે કરવામાં આવતા યજ્ઞને પિતૃ યજ્ઞ એટલે કે શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

ધાર્મિક રીતે આપણે ત્યાં શ્રાદ્ધ કર્મનું વિશેષ મહત્વ છે આપણા મૃત્યુ પામેલા સ્વજનો કે જેને પિતૃઓ તરીકે ઓળખવામાં આવે છે. તેનું ઋણ ચૂકવવાની ક્રિયા એટલે શ્રાદ્ધ. તેની પહેલી શરત શ્રદ્ધા છે. પૂર્ણ શ્રદ્ધાથી પિતૃ યજ્ઞ કરવામાં આવે તે શ્રાદ્ધ.

સનાતન ધર્મમાં આ ક્રિયાનું વિશેષ મહત્વ છે. આધુનિક યુગમાં આવી ધાર્મિક ક્રિયાઓનો વિરોધ કરવાની એક પ્રકારની ફેશન ચાલી રહી છે પરંતુ આ વિષય પર વૈજ્ઞાનિકોએ પણ સંશોધન કરવાનું શરૂ કર્યું છે. તાજેતરમાં જ ઓક્સફર્ડ યુનિવર્સિટીના ગણિત અને ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર સર રોજર પેનોરિસ અને એરીજો યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક ડો સ્ટુઅર્ટ હેમોરોફે બે દાયકાના સંશોધન પછી જાહેર કર્યું છે કે, આત્મા ક્યારે પણ મૃત્યુ પામતી નથી. ફક્ત શરીર મૃત્યુ પામે છે મૃત્યુ થયા બાદ આત્મા શરીર છોડી બ્રહ્માંડમાં પાછી જતી રહે છે. આપણા દિવ્ય ગ્રંથો શ્રીમદ ભગવત ગીતા અને ગરુડ પુરાણ સહિતના વિવિધ ગ્રંથોમાં પણ આ વાત વણાયેલી છે. એ હવે વિજ્ઞાન દ્વારા પણ પુરવાર થઈ રહી છે. આવા સંજોગોમાં હવે વિજ્ઞાન કહે ત્યારે વાત માનવાની ફેશન ધરાવતા લોકોને પણ આ વાત માનવી પડશે.

ખરેખર તો આપણા ઋષિમુનિઓ વૈજ્ઞાનિક જ હતા. તેમણે આપણને ધર્મ દ્વારા અપાયેલી ક્રિયા પ્રક્રિયાઓનો પશ્ચિમના લોકો પણ શિકાર કરી રહ્યા છે. તેનું પ્રમાણ પવિત્ર તીર્થ ગયાજી ક્ષેત્રે પિતૃ તરફ પણ કરાવતા વિદેશીઓ અવારનવાર જોવા મળે છે. માટે શ્રદ્ધાથી શ્રાદ્ધ કરી આપણા પૂર્વજોના ઋણમાંથી મુક્ત થવાની પરંપરા જાળવીએ.

શ્રાદ્ધ સરિતા
-દેવેન કનકચંદ્ર વ્યાસ.

## ભાજપ સીએમના ચહેરા વીના રાજસ્થાનની ચૂંટણીમાં ઊતરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર, તા.૨૯ આ વર્ષના અંતે કેટલાક રાજયમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. જેને લઈ તમામ પાર્ટીઓ દ્વારા પ્રચાર પ્રસાર અને ચૂંટણી જીતવાની રણનીતિઓ તૈયાર કરી રહી છે. રાજસ્થાનની વિધાનસભાની ચૂંટણી આ વખતે ભાજપ માટે મહત્વની છે કારણ કે વિપક્ષનું મહાગઠબંધન ઈન્ડિયા તેની મુશ્કેલીમાં વધારો કરી શકે છે. એવામાં છેલ્લા ત્રણ દિવસથી રાજસ્થાનની ચૂંટણીને લઈ ભાજપનું મનોમંથન ચાલી રહ્યું છે. એવામાં સમાચાર મળી રહ્યા છે કે રાજસ્થાનમાં ભાજપ સીએમના ચહેરા વગર જ આ વખતે ચૂંટણીના મેદાનમાં ઉતરી શકે છે. આ રાજકારણ ભાજપ માટે કેટલું ફાયદાકારક સાબિત થઈ શકે છે તે અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે. આ નિર્ણયથી માનવામાં આવી રહ્યું છે કે વસુંધરા રાજે ખુશ છે. આ વાતનો સંકેત ત્યારે જ મળી ગયો હતો જ્યારે રાત્રે ઓફિસમાંથી બહાર આવ્યા ત્યારે તેના ચહેરા પર ખુશી છલકાય રહી હતી. ભાજપની આ મહત્વની બેઠક અમિત શાહ અને જેપી નડ્ડાના નેતૃત્વમાં સાંજે ૭ વાગ્યા થી રાતે ૩ વાગ્યા સુધી બેઠક ચાલી હતી. બેઠક વિશે માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે, કોર કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ચૂંટણી માટે કોઈ સીએમ ચહેરો નહીં હોય.

### ચંદ્રયાન-૩ મિશનની સફળતાથી ઈસરોમાં ઉત્સાહનો સંચાર

# ઈસરોની નજર સૌરમંડળની બહારના તારા-ગ્રહોના રહસ્યને શોધવા ઉપર



નવી દિલ્હી, તા.૨૯ ચંદ્રયાન-૩ મિશનની સફળતા બાદ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની નજર હવે સૌરમંડળની બહારના તારાઓ અને ગ્રહોના રહસ્યને શોધવા પર છે. ઈસરોના વડા એસ. સોમનાથે જણાવ્યું હતું કે ઈસરોએ બાહ્ય ગ્રહોના રહસ્યોને જાણવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાંથી કેટલાક ગ્રહો પર વાતાવરણ હોવાની માહિતી છે અને આ ગ્રહો માનવીના વસવાટને અનુકૂળ હશે તેવું મનાઈ રહ્યું છે. ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના એક કાર્યક્રમને સંબોધતાં સોમનાથે જણાવ્યું હતું કે સ્પેસ એજન્સી શુક્રના અભ્યાસ માટે એક મિશન મોકલવાની અને અંતરિક્ષના ક્લાઈમેટ અને પૃથ્વી પર તેની અસરનો અભ્યાસ કરવા માટે બે ઉપગ્રહો મોકલવાની પણ યોજના બનાવી રહી છે. તેમણે કહ્યું કે, એક્સપોસેટ અથવા એક્સ-રે પોલારીમીટર સેટેલાઇટ આ વર્ષે ડિસેમ્બરમાં લોન્ચ થવાનો છે. આ ઉપગ્રહ એવા તારાઓના અભ્યાસ માટે મોકલવામાં આવશે જે લુપ્ત થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. અમે એક્ઝોવર્લ્ડ નામના ઉપગ્રહ પર પણ વિચારણા કરી રહ્યા છીએ જે સૌરમંડળની બહારના ગ્રહો અને અન્ય તારાઓની પરિક્રમા કરતા ગ્રહોનો અભ્યાસ કરશે. શુક્રના અભ્યાસ માટે એક મિશન અને અંતરિક્ષના ક્લાઈમેટ અને પૃથ્વી પર તેની અસરનો અભ્યાસ કરવા બે ઉપગ્રહો મોકલવાની પણ યોજના તેમણે કહ્યું કે સૌરમંડળની બહાર ૫,૦૦૦ થી વધુ ગ્રહો છે, જેમાંથી ઓછામાં ઓછા ૧૦૦ પર વાતાવરણ હાજરી હોવાનું મનાય છે. એક્સો વર્લ્ડસ મિશન હેઠળ બહારના ગ્રહોના વાતાવરણનો અભ્યાસ કરવામાં આવશે. સોમનાથે કહ્યું કે મંગળ પર અવકાશયાન ઉતારવાની પણ યોજના છે. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદના ૮૨માં સ્થાપના દિવસની ઉજવણીમાં **ISRO**ના વડા સોમનાથે જણાવ્યું હતું કે ભારતમાં રોકેટના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા લગભગ ૯૫ ટકા પાર્ટ્સ સ્થાનિક સ્તરે નિર્મિત છે. રોકેટ અને સેટેલાઇટના વિકાસ સહિત તમામ ટેકનિકલ કામ દેશમાં જ થાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય જો પોતાનું મન સારું રાખે તો એનું શરીર પણ સારું બને છે.

- શેક્સપીયર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા. અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૧૫ પૌષ્ટપદી પૂર્ણિમા, શ્રી અંબાજીનો મેળો, ભાગતવ સપ્તાહ સમાપ્તિ, સન્યાસીના ચાતુર્માસ સમાપ્ત, ગોત્રી-રાત્રી વ્રત સમાપન, પંચક, મહાલય શ્રાધ્ધારંભ, પ્રતિપદાનું શ્રાધ્ધ (એકમનું શ્રાધ્ધ) તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૩, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૬:૩૯
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : નવિન કામગીરીમાં પ્રગતિ થાય. લાભની તક સાંપડે.
વૃષભ : વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
મિથુન : પ્રવાસમાં હાનિ, કાર્યબોજમાં વધારો થાય.
કર્ક : મનમાં અશાંતિ અનુભવાય. ખટપટમાં ન પડવું હિતાવહ.
સિંહ : કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
કન્યા : વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
તુલા : ધીરજ અને ખંતપૂર્વક કાર્ય કરવું. આર્થિક લાભનો યોગ છે.
વૃશ્ચિક : નાણાંકીય પરિસ્થિતિમાં સુધારો થાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
ધન : ખર્ચ પર કાબુ રાખવો. માનસિક ચિંતા હળવી બને.
મકર : કાર્યમાં સફળતા મળે. વેપાર-વાણિજયને લગતા કાર્યમાં સફળતા મળે.
કુંભ : મનમાં આનંદ-ઉત્સાહ રહે. પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે.
મીન : એક સાંધો ત્યાં તેર તૂટે, ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.






# રાજ્ય સરકાર અને AMC દ્વારા રખડતા ઢોર અને બીજા પ્રશ્નો બાબતે કામગીરી નહીં થાય તો એજન્સી નીમીને કામ કરાવાશે : હાઈકોર્ટ

**વર્ષોથી થઈ રહેલા આદેશો અને માર્ગદર્શિકાઓ સરકાર ઘોળીને પી જતા હાઈકોર્ટ લાલઘૂમ, જો આદેશોનું પાલન ના થાય તો રાજ્ય સરકાર અને અ.મ્યુ.કો.ના કમિશ્નર અદાલતના તિરસ્કાર બદલ કાર્યવાહીને પાત્ર ઠરે છે : હાઈકોર્ટ, રખડતા ઢોરના અંકુશ માટે લાવવામાં આવેલી નીતિના અમલીકરણ માટે જવાબદાર અધિકારીઓની યાદી મંગાવી, હવે ૪ ઓક્ટોબરના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે**

અમદાવાદ, તા.૨૯

રખડતા ઢોર, તૂટેલા રોડ અને ટ્રાફિક સમસ્યા બાબતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા ૩૦ વધુ આદેશોનું પાલન નહીં કરવા બદલ કરવામાં આવેલી અદાલતના તિરસ્કારની અરજીની તાજેતરમાં સુનાવણી થઈ હતી. તેની સુનાવણી દરમ્યાન જસ્ટિસ એ.જે. શાસ્ત્રી અને જસ્ટિસ દિવ્યેશ જોષીની ખંડપીઠે જણાવ્યું હતું કે, આટલા બધા આદેશ થયા છતાં કામગીરી માત્ર કાગળ ઉપર જ છે. આ બાબતે જો કોઈ યોગ્ય મિકેનિઝમ ડેવલપ કરીને કામગીરી નહીં કરવામાં આવે તો રાજ્ય સરકાર અને અમદાવાદના મ્યુનિસિપલ કમિશ્નર અદાલતના તિરસ્કારની કાર્યવાહીને પાત્ર ઠરે છે. જો યોગ્ય પગલાં નહીં લેવાય તો કોર્ટ પોતે જ એજન્સીની નિમણૂંક કરીને કામગીરી કરાવશે અને તે બાબતે ઓર્ડર કરશે. સુનાવણીમાં અરજદાર એડવોકેટ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, અગાઉ હાઈકોર્ટે અનેકવાર AMC અને રાજ્ય સરકારને રખડતા ઢોર, ટ્રાફિક અંકુશ અને ખરાબ રસ્તા માટે નિર્દેશો બહાર પાડ્યા હતા. પરંતુ બંને ઓથોરિટી દ્વારા સતત કોર્ટમાં કાગળિયા ફાઈલ કરાયા છે, પરંતુ કોઈ એક્શન ગ્રાઉન્ડ પર લેવાયા નથી. કોર્ટે પક્ષકારોની દલીલો સાંભળી હતી. પરંતુ આ મામલે ૪ ઓક્ટોબરના કોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે, આગામી મુદતમાં અ.મ્યુ.કો.ના કમિશ્નરે ખુદ એફિડેવિટ દાખલ કરવાની રહેશે. રખડતા ઢોરના ત્રાસને અંકુશમાં લેવા માટે જવાબદાર અધિકારીઓ કોણ છે, તે શું કામગીરી કરવાના છે તે સહિતની માહિતી રજૂ કરવાની રહેશે. આ કેસમાં સવારે સુનાવણી થઈ હતી પછીથી બપોર બાદ પક્ષકારો ફરી કોર્ટમાં ઉપસ્થિત થયા હતા, જેમાં અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે, આ સંપૂર્ણ કેસમાં ફક્ત AMC કમિશ્નરે જ એફિડેવિટ ફાઈલ કરી છે. રાજ્ય તરફે ચીફ સેક્રેટરીએ એફિડેવિટ ફાઈલ કરી નથી. ઉચ્ચ અધિકારીઓએ કર્મચારીઓને ફકત કાર્ય કરવાના નિર્દેશ આપવાના છે. જવાબદાર અધિકારીઓના ફોન અને ઈ-મેઈલ પબ્લિક ડોમેનમાં મૂકાય એટલે ફક્ત ફરિયાદો જ નહીં, પરંતુ અધિકારી અને કર્મચારીઓની પ્રશંસા પણ થાય. ભારે ટ્રાફિકવાળા વિસ્તારમાં ટ્રાફિક હેન્ડલિંગ માટે જે તે વિસ્તારના જવાબદાર પોલીસ અધિકારીને રાખવામાં આવે.

અ.મ્યુ.કો.એ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં તેમના દ્વારા આ કેસમાં ૧૮ એફિડેવિટ અને રાજ્ય દ્વારા ૯ એફિડેવિટ ફાઈલ કરાઈ છે. હાઈકોર્ટે આ કેસમાં અગાઉ કુલ ૩૦ નિર્દેશો આપ્યા હતા. જેમાંથી ૯ રસ્તાના છે, ૮ નિર્દેશો ટ્રાફિકને લગતા છે. જ્યારે ૧૧ નિર્દેશો રખડતા ઢોર માટેના છે. છસ્ઝએ ઢોરને લગતી પોલિસી બનાવ્યા બાદ ૨૦ હજાર રખડતા ઢોરને અમદાવાદ શહેરની બહાર કર્યા છે. પોલિસી મુજબ અમદાવાદ શહેરમાં ઢોરનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે. આણંદ અને નડિયાદ અમદાવાદ જેટલા વિકસિત નહીં હોવાથી ત્યાં કાર્ય થતાં થોડીવાર લાગશે. AMCએ ઢોરને લગતા કોર્ટના નિર્દેશોનું પાલન કર્યું છે. ઢોર માલિકોને દંડ અને તેમની સામે FIR કરાઈ છે.

**ઢોર માલિકો જામીન પર છૂટી જાય છે :-**

કોર્ટે કહ્યું હતું કે, આ બધું કર્યા છતાં ગ્રાઉન્ડ ઉપર રિઝલ્ટ દેખાતું નથી, બધું પેપર ઉપર જ છે. અ.મ્યુ.કો.એ કહ્યું હતું કે, પકડાયા બાદ ઢોર માલિકો જામીન ઉપર છૂટી જાય છે. બાદમાં ફરી આવું કામ કરે છે. જો કે, તેઓ અભણ છે, તેમને સમજાવવા પડે છે. જ્યાં સુધી રોડની વાત છે તો મુખ્ય રસ્તાઓ ઉપર પાનની દુકાનો જોવા નહીં મળે, અ.મ્યુ.કો.એ દબાણો હટાવ્યા છે. કોર્ટે કહ્યું હતું કે, મણિનગર, ઈસનપુર, સહજાનંદ કોલેજ, અટીરા વગેરે જગ્યાએ ઢોર રસ્તા ઉપર જોવા મળે છે, જેમાં અમ્યુકોએ જણાવ્યું હતું કે, ઢોર માલિકોના જીવન નિર્વાહનો પણ પ્રશ્ન છે. અમદાવાદમાંથી દરરોજ ૧૦૦ ઢોર પકડવામાં આવે છે. અ.મ્યુ.કો.એ કહ્યું હતું કે, આપણે આખા રાજયમાં યુનિફોર્મ પોલિસીની જરૂર છે. કોર્ટે વેધક ટિપ્પણી કરી હતી કે, કર્મચારીઓ પાસેથી કામ લેવાનું કાર્ય અધિકારીઓનું છે, તેઓ પોતાની ડ્યુટીમાં નિષ્ફળ જઈ રહ્યા છે. AMCએ કહ્યું હતું કે, રખડતા ઢોર માટે દંડ ૫૦૦, ૧૦૦૦, ૧૫૦૦ અને હવે ૩ હજારનો દંડ કરાયો છે. જો ૧૦ દિવસમાં માલિક ઢોરને લેવા ન આવે તો ઢોરને પાંજરાપોળ મોકલી અપાય છે. નવી પોલિસી પ્રમાણે ઢોર માલિકોએ ૯૦ દિવસમાં રજિસ્ટ્રેશન કરાવવું પડે



છે. નહિતર ઢોર માલિકના કબજામાંથી પણ ઢોર કબજે લેવાય છે. અત્યારે અમદાવાદમાં ૮૦ હજાર જેટલા ઢોર છે. જેને પકડીને અમદાવાદ શહેરની બહાર છોડી મૂકાય છે. કોર્ટે કહ્યું હતું કે, જો અ.મ્યુ.કો. ઢોરને અમદાવાદ બહાર રોડ ઉપર છોડી મૂકતી હોય તો આ કેવા પ્રકારની પોલિસી છે! કોર્ટે હુકમ કર્યો હતો કે, ઢોર પોલીસના અમલને લગતા અધિકારીઓ અને કર્મચારીઓના નામ અ.મ્યુ.કો. કોર્ટને આપશે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર ટૂંકી એફિડેવિટ ફાઈલ કરશે જેમાં રોડ, ટ્રાફિક અને ઢોરના નિવારણને લગતું મિકેનિઝમ દર્શાવ્યું હશે. આ સાથે રાજય સરકાર પણ એફિડેવિટ ફાઈલ કરશે.

આ મુદે ૪ ઓક્ટોબરે વધુ સુનાવણી હાથ ધરાશે. કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય અને અ.મ્યુ.કો.એ પગલાં લીધા છે તેની ના નથી. પરંતુ જમીન ઉપર તે કામ દેખાતું નથી. હાઈકોર્ટ વારંવાર નિર્દેશો ન આપે, ઓથોરિટી જાતે પગલાં ભરે. હાઈકોર્ટે આ સુનાવણી દરમ્યાન નડિયાદ કોર્ટ અને નવસારી રેલવે મથકે બનેલી ઘટનાઓ પણ ટાંકી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોર્ટને ઓથોરિટીને ખખડાવવા નહીં, પરંતુ જાહેર હિતમાં રસ છે. કોર્ટે કહ્યું હતું કે, મણિનગર, ઈસનપુર, નહેરૂનગર અને અટિરા પાસેપણ આ સમસ્યા છે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે, ઉપરોક્ત સમસ્યાઓ બાબતે કોર્ટે ૨૦૧૮ અને ૨૦૧૯માં પણ નિર્દેશો આપ્યા હતા. સરકારી અધિકારીઓ કોર્ટમાં આવ્યા, એફિડેવિટ પણ થઈ, પરંતુ અમલીકરણ થયું નહીં. રાજ્યના ચીફ સેક્રેટરીએ આ સમસ્યા સંદર્ભમાં એફિડેવિટ ફાઈલ કરી નથી. અંડર સેક્રેટરી અને ડેપ્યુટી કમિશ્નરે એફિડેવિટ ફાઈલ કરી છે. જો રાજ્યના ચીફ સેક્રટરી અને અ.મ્યુ.કો. કમિશ્નર એફિડેવિટ ફાઈલ કરે તો નીચલા અધિકારીઓની હિંમત નથી કે તેમના ઓર્ડરનું પાલન ન થાય. સરકાર અને અ.મ્યુ.કો. પોલિસી પણ બનાવી ચૂકી છે. પરંતુ તેની અમલવારીમાં સમસ્યા છે. નોડલ ઓફિસરને જવાબદાર બનાવવો જોઈએ. સરકારી વકીલ મનીષા શાહે જણાવ્યું હતું કે, નડિયાદ નગરપાલિકા દ્વારા ઢોર પકડવા માટે ૧૫ વ્યક્તિઓને આઉટસોર્સિંગથી કામ અપાયું છે. તેમજ તે અંગે ટ્રેક્ટર અને પાંજરા જેવા સાધનો પૂરા પડાયા છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધી નડિયાદ નગરપાલિકાએ ૩૪ ઢોર ડબ્બે પૂર્યા હતા. ૧૫ ઢોર પકડીને ગૌચરમાં છોડી દેવાયા હતા. જયારે ૧૯ જેટલા ઢોર પશુ માલિકો દંડ ભરીને છોડાવી ગયા હતા. ત્યારબાદ ૧ એપ્રિલ, ૨૦૨૩થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી ૧૫૮ ઢોર પકડવામાં આવ્યા હતા. કોર્ટે ઢોર પકડવાની કામગીરી સાથે ઢોર માલિકો સામે પોલીસ ફરિયાદ અંગે પણ પૂછ્યું હતું. તે અંગે સરકારી વકીલે ઢોર માલિકો સામે પોલીસ ફરિયાદ કરાતી હોવાની માહિતી આપી હતી. કોર્ટે આ સમસ્યાઓના નિરાકરણ માટે યોગ્ય મિકેનિઝમ આપવા જણાવ્યું હતું, નહિંતર કોર્ટ જાતે અઘરા નિર્ણય આપશે.

# રાજ્યના ભારે વરસાદ-પૂર અસરગ્રસ્ત વિસ્તારના વેપાર-વાણિજ્યના એકમોને નુકસાન સહાય અપાશે

## ટૂંક સમયમાં સહાય-ધોરણની થશે જાહેરાત : બેંક લોન માટે વ્યાજની સબસિડીની સહાય

ગાંધીનગર,તા.૨૯

રાજયમાં નર્મદા ડેમમાંથી પાણી છોડવાને કારણે સર્જાયેલી પૂરની હોનારતમાં ભારે ખાના-ખરાબી સર્જાવા સાથે ભારે વરસાદનો પગલે અન્ય વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જતા ભારે નુકસાન થવા પામ્યું હતું. ત્યારે સરકારે હમણા બે દિવસ પહેલાજ નુકસાનગ્રસ્ત ખેડૂતો માટે કૃષિ સહાય પેકેજની જાહેરાત કરી હતી. જેથી અન્ય નુકસાનગ્રસ્ત દુકાન-લારી-ગલ્લા સહિતના ધંધાર્થીઓને સહાયની કોઈ વાત ન આવતા તેઓમાં સરકાર પ્રત્યે રોષની લાગણી ફેલાઈ હતી. જેને લઈને હવે સરકારે તેઓને ઠારવા તેમના માટે પણ સહાય આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં સરકાર દ્વારા આગામી ટૂંક સમયમાં કેટલી સહાય આપવી તેની જાહેરાત કરાશે.

સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વિગત આપતા જણાવ્યું છે કે રાજયમાં ૧૬થી ૧૮ સાપ્ટેમ્બર દરમ્યાન ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લામાં થયેલ ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત વિસ્તારમાં વેપાર, વાણિજય અને આર્થિક પ્રવૃતિના એકમોને રાજય સારકાર દ્વારા સાહાય આપવાનું રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં નાના અને મધ્યમ વેપારીઓ પ્રત્યે ઉદાર વલણ રાખીનો રાજય સારકારે આ સાહાય આપવાનું નક્કી કર્યું હોવાનું મંત્રીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે લારી, રેકડી, નાની સ્થાયી કેબીન, મોટી કેબીન, નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન, મોટી દુકાન, નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન એટલે કે જે દુકાનનું પાકુ બાંધકામવાળુ સ્થાયી માળખુ ધરાવતા હોય તેવા અસરગ્રસ્ત લોકોને રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવશે જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. વધુમાં મંત્રીએ કહ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં મધ્યમ અને મોટા વ્યાપાર સાથે સંકળાયેલા લોકોને જે નુકસાન થયું હોય તે પ્રત્યે પણ ઉદાર વલણ દાખવીનો રાજયસરકારે બેંક લોન માટે વ્યાજની સબસિડીની સહાય આપવાનું નક્કી કર્યું છે. મંત્રીએ ભારે વરસાદની પ્રવર્તમાન પરિસ્થિતિથી અસરગ્રસ્ત નાવ જિલ્લાઓ નર્મદા, ભરૂચ, વડોદરા, દાહોદ, પંચમહાલ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, મહિસાગર જિલ્લામાં આજદીન સુધીમાં અતિવૃષ્ટિને કારણે રાજયમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રૂા.૭૭ લાખ ૪૫ હજારથી વધુ રકમની અસારગ્રસ્તાોનો કેશડોલ્સની ચૂકવણી કરાઈ છે. રાજયમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદથી નુકસાન પામેલ ઘરવખરી માટે રૂા.૪ કરોડ ૯૬ લાખ ૭૭ હજારથી વધુ રકમની ચૂકવણી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

# જ્વેલરી સ્ટોરમાં રૂા. ૨૫ કરોડની લૂંટ રોકવામાં CCTV, સ્ટ્રોંગરૂમ કેવી રીતે નિષ્ફળ રહ્યા

નવી દિલ્હી, તા.૨૯

દક્ષિણ દિલ્હીના જંગપુરામાં એક જ્વેલરી સ્ટોરમાં ચોરો ઘૂસી ગયા હતા અને રૂા.૨૦-૨૫ કરોડના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા.ભોગલ વિસ્તારના ઉમરાવ જ્વેલર્સમાં રવિવારે સાંજથી સવારની વચ્ચે આ ઘટના બની હતી.સાવધાનીપૂર્વકની યોજના હેઠળ આ સીસીટીવી કેમેરાને ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા હતા અને સ્ટ્રોંગરૂમ (લોકર)માં એક કાણું કરવામાં આવ્યું હતું. જેનાથી આ મોટા પાયે લૂંટ થઈ હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચોરો ચાર માળની ઈમારતના ધાબા ઉપરથી પ્રવેશ્યા હતા અને ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પહોંચ્યા હતા જ્યાં સ્ટ્રોંગરૂમ સ્થિત હતો.પછી તેઓએ સ્ટ્રોંગરૂમમાં પ્રવેશવા માટે તેની દિવાલમાં એક છિદ્ર ડ્રિલ કર્યું, જ્યાં ઘરેણાં રાખવામાં આવ્યા હતા. તેઓ ચોરી કરવા ઉપરાંત શોરૂમમાં ડિસ્પ્લેમાં રાખેલા દાગીના લઈને પણ નાસી છૂટ્યા હતા. રવિવારે સાંજે શોરૂમને તાળું મારી દેનાર શોરૂમના માલિકે આજે સવારે શોરૂમ ખોલતાં ચોરીની જાણ થઈ હતી.સોમવારે દુકાન બંધ રહે છે.ચોરોએ તેમને ડિસ્કનેક્ટ કર્યા પહેલા સીસીટીવીમાં જે પણ રેકોર્ડ કરવામાં આવ્યું હતું તેમાંથી પોલીસ તપાસ કરી રહી છે. હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. હરિયાણાના અંબાલામાં આવી જ એક ઘટના નોંધાઈ હતી, જ્યાં ચોરોએ સહકારી બેંકમાં પ્રવેશ કર્યો હતો અને ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓની ચોરી કરી હતી. તેઓએ બેંકમાં પ્રવેશવા માટે ગેસ કટરનો ઉપયોગ કરીને દિવાલમાં છિદ્ર કર્યું અને ૩૨ લોકર તોડી નાખ્યા, પોલીસે જણાવ્યું હતું. સપ્તાહના અંતે બેંક બંધ હોવાથી સોમવારે સવારે જ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.

# ગુજરાતમાંથી વરસાદની વિદાયનું "કાઉન્ટડાઉન" શરૂ : ગરમીનો પારો વધશે

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે. રાજ્યના પાડોશી રાજ્ય રાજસ્થાન સરહદથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. જોકે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. આગામી ચાર દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે અમદાવાદ, ગાંધીનગર સહિત સૌરષ્ટ્રમાં થન્ડર સ્ટ્રોમ પણ થઈ શકે છે. જેના કારણે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ કેન્દ્રના હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહન્તીએ જણાવ્યુ હતુ કે, ભેજના કારણે હાલ ગુજરાતમાં વરસાદી માહોલ રચાયો છે. હાલ ગુજરાતને ભારે વરસાદ આપી શકે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી પરંતુ રાજ્યમાં હાલ ભેજને કારણે વરસાદ થઈ રહ્યો છે. ગુજરાતમાં ચોમાસાની વિદાયની ગણતરી શરૂ થઈ ગઈ છે. જેથી ગરમીનો પારો વધી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ પડી શકે છે. સુરત અને ભરૂચમાં પણ સારા વરસાદની આગાહી છે. બનાસકાંઠા, સાબરકાંઠામાં મધ્યમ વરસાદ થઈ શકે છે. મનોરમા મોહન્તીના જણાવ્યા પ્રમાણે દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં થંડર સ્ટોમ એક્ટિવિટી થશે. અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થઈ શકે છે. જ્યાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ દરમ્યાન સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે. ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે દિવસથી બદલાતા વાતાવરણના વરસાદી માહોલ વચ્ચે ક્યાંક મુશળધાર તો ક્યાંય હળવાથી મધ્યમ ઝાપટા વરસ્યા હતા. જો કે બદલતા વાતાવરણથી ખેડૂતો ફાયદો થશે કે નુકશાન?

# મણિપુર હિંસા : સુપ્રીમ કોર્ટે UIDAI અને રાજ્યને ચકાસણી પછી વિસ્થાપિત લોકોને આધારકાર્ડ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા કહ્યું




(એજન્સી) તા.૨૯

સુપ્રીમ કોર્ટે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને મણિપુર સરકારને રાજ્યમાં લોહિયાળ વંશીય સંઘર્ષને કારણે વિસ્થાપિત થયેલા લોકો, જેના રેકોર્ડ UIDAI પાસે પહેલેથી જ ઉપલબ્ધ છે તેઓને આધારકાર્ડ પૂરા પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે, UIDAI જેની પાસે એવા લોકોની બાયોમેટ્રિક વિગતો હશે જેમને આધારકાર્ડ પહેલાથી જ જારી કરવામાં આવ્યા છે, તે તેમના કાર્ડ ખોવાઈ જવાના અને વિસ્થાપિત લોકોના દાવા માટે જરૂરી છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે મણિપુરના નાણાં વિભાગના સચિવને રાજ્યના અસરગ્રસ્ત ભાગોમાં તમામ બેંકોને ખોવાઈ ગયેલા દસ્તાવેજો સાથેના લોકોને બેંક ખાતાની વિગતો ઉપલબ્ધ કરાવવા માટે યોગ્ય સૂચના આપવાનો નિર્દેશ આપ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, મણિપુરના આરોગ્ય વિભાગના સચિવ રાહત શિબિરોમાં ખાસ-વિકલાંગ વ્યક્તિઓને વિકલાંગતા પ્રમાણપત્રોની નકલો આપવા માટે તમામ ઝડપી પગલાં લેશે. રાહત અને પુનર્વસન માટેના પગલાં ઉપરાંત હિંસાના કેસોની કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસની માગણી કરતી અરજીઓની બેચ ઉપર સુનાવણી દરમ્યાન ખંડપીઠે અવલોકન કર્યું કે, આધારકાર્ડ જારી કરવા માટે સત્તાવાળાએ ચકાસવું પડશે કે આ અસલી રહેવાસીઓ અને નાગરિકો છે. જો કોઈ ગેરકાયદેસર પ્રવેશ કરનાર હોય તો શું ? ત્યારે અમે કહીશું કે સત્તાવાળાઓ એ ચકાસશે કે તે વ્યક્તિ અસલી છે કે નહીં. કેન્દ્ર અને મણિપુર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, જો સમિતિ સત્તાવાળાઓ સાથે ચર્ચા કરે તો આ મુદ્દાઓ ઉકેલી શકાય છે. બેન્ચે કહ્યું કે, સમિતિએ તેના અહેવાલોમાં ઉલ્લેખિત કેટલાક નિર્દેશો માટે દબાણ કર્યું નથી. આ કેસમાં હાજર રહેલા એક વકીલે હિંસા દરમ્યાન બાળી નાખવામાં આવેલી મિલકતો ઉપર અન્ય લોકો દ્વારા કબજો કરવામાં આવ્યો હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. મૃતદેહોના નિકાલના મુદ્દે મહેતાએ કહ્યું કે, સત્તાવાળાઓ સમિતિના નિર્દેશ પ્રમાણે કામ કરી રહ્યા છે. આ કેસમાં હાજર રહેલા વકીલોએ વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો, ત્યારે બેન્ચે કહ્યું કે, તમે અમને એકવાત કહો, કાં તો અમે સમિતિને રદ કરીએ છીએ અને દર ચાર અઠવાડિયા પછી આ બાબતની સુનાવણી કરીએછીએ કારણ કે, અમે દર અઠવાડિયે તેની સુનાવણી કરવાના નથી. કારણ કે, અમે સુપ્રીમ કોર્ટમાં મણિપુર પ્રશાસન ચલાવવાનો પ્રસ્તાવ રાખતા નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સમિતિ અનેક પાસાઓને સંભાળી રહી છે અને આ મુદ્દાઓને પેનલના ધ્યાન ઉપર લાવી શકાય છે. બેન્ચે સમિતિનું અવલોકન કર્યું હતું કે, તેના એક અહેવાલમાં મણિપુર હાઈકોર્ટ અને રાજ્ય સરકારને ત્યાંના તમામ ૧૬ જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તા (DLSAs)ના સચિવોની નિમણૂકની પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવા માટે નિર્દેશ માંગ્યો છે. મણિપુરના એડવોકેટ જનરલે કોર્ટને જણાવ્યું છે કે, રાજ્યમાં નવ ન્યાયિક જિલ્લાઓ છે અને તેમાંથી દરેકમાં ડીએસએલએના સચિવોની નિમણૂક કરવામાં આવી છે. ખંડપીઠે કહ્યું કે, રાજ્ય સરકાર મણિપુર વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ પીડિતોને વળતર આપવા માટે મણિપુર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ/ જિલ્લા કલેકટર/ સક્ષમ સત્તાવાળાઓને પૂરતું ભંડોળ આપશે. રાજયની બહાર અસ્થાયી રૂપે પુનઃ સ્થાયી થયેલા આવા વિસ્થાપિત લોકોની જરૂરિયાતોને સમાયોજિત કરવા માટે બેન્ચે કેન્દ્રને દિલ્હીમાં એક નોડલ અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો તે અંગે પહેલાથી જ પગલાં લેવામાં આવ્યા હોય, તો આગળ કોઈ પગલાં લેવાની જરૂર રહેશે નહીં. ખંડપીઠે આ કેસની સુનાવણી એક સપ્તાહ બાદ રાખી હતી. રાજ્ય સરકારને અનુસૂચિત જનજાતિની યાદીમાં બિન-આદિવાસી મેઈતેઈ સમુદાયનો સમાવેશ કરવા અંગે વિચારણા કરવા માટે ઉચ્ચ ન્યાયાલયના આદેશને કારણે મે મહિનામાં મણિપુર અરાજકતા અને હિંસા ફેલાઈ ગઈ હતી. ૩ મેના રોજ રાજ્યમાં વંશીય હિંસા ફાટી નીકળી ત્યારથી ૧૭૦થી વધુ લોકો માર્યા ગયા છે અને અન્ય સેંકડો લોકો ઘાયલ થયા છે.

## ગુજરાતમાં વધુ એક આંદોલનની ચીમકી

# ગાંધી જયંતિના દિવસે શિક્ષકોની રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.૨૯

દેશમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે હવે ગુજરાતમાં સરકાર સામે વધુ એક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. આ આંદોલન બીજા કોઈ નહીં પરંતુ રાજ્ય સરકારના જ સરકારી કર્મચારી કરવા જઈ રહ્યા છે. રાજ્ય સરકારની સરકારી શાળાઓના શિક્ષકોએ પોતાની વિવિધ માંગણીઓને લઈને આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે ગાંધી જયંતીના દિવસે શિક્ષકોના રાજ્યવ્યાપી આંદોનનની જાહેરાત કરી છે. સરકારે કરેલા વાયદાઓ મુદ્દે ઠરાવ પસાર ન થતાં હવે શિક્ષકો સરકાર સામે લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે જૂની પેન્શન યોજના, NPS સહિતના મુદ્દે આંદોલનની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી પરેશ પટેલે જણાવ્યું છે કે, ગાંધી જયંતિના દિવસે ગાંધીજીની પ્રતિમાની સફાઈ, પ્રતિમાની આજુબાજુ પરિસરમાં સાફ સફાઈ કરવામાં આવશે. જે બાદ ગાંધીજીને સૂતરની આંટી પહેરાવીને આ આંદોલનની શરૂઆત કરવામાં આવશે. તેઓએ જણાવ્યું કે, ૩ ઓક્ટોબરથી ૭ ઓક્ટોબર

**જૂની પેન્શન યોજના, NPS સહિતના મુદ્દે આંદોલનની જાહેરાત**

સુધીમાં શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યોને આવેદન પત્ર આપીને પોતાની માંગ રજૂ કરાશે. સાંસદો અને ધારાસભ્યોના માધ્યમથી અમારી માંગ મુખ્યમંત્રી સુધી પહોંચાડવાનું અમારૂ આયોજન છે. ૭ ઓક્ટોબર સુધીમાં પ્રશ્નો નહીં ઉકેલાય તો રેલી અને ધરણાની ચીમકી પણ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# દિવાળી પહેલા જૂનાગઢના રસ્તા બનાવી દેવા મુખ્યમંત્રીની 'ટકોર'

## દિવાળી પહેલા રસ્તા ઉત્તમ બની જાય તે માટે મેયર, ડે. મેયર સહિતનાં પદાધિકારીઓએ ધ્યાન આપવું પડશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગઈકાલે જૂનાગઢના મોંઘેરા મહેમાન બન્યા હતા અને તેઓની ઉપસ્થિતિમાં ઉપરકોટ તેમજ મકબરાનું લોકાર્પણ તેમજ વિવિધ વિકાસના કામોને પણ નવી દિશા મળી હતી અને આ લોકાર્પણનો એક શાનદાર સમારોહ શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે યોજાયો હતો. જેમાં પ્રાસંગીક ઉદબોધનમાં મુખ્યમંત્રીએ જૂનાગઢ શહેરના લોકોની દાદફરિયાદ અને સમસ્યાઓને વહેલી તકે દુર કરી નાખવા માટે મનપાના શાસકોને હળવી શૈલીમાં ટકોર કરી હતી એટલું જ નહી જુદા-જુદા મુદ્દાઓ ઉઠાવી મુખ્યમંત્રીએ જાણે મનપાના શાસકોને આ કામો વહેલી તકે પુર્ણ કરવાનું અલ્ટીમેટમ આપી દીધુ હોય તેવું લાગી રહ્યું હતું અને શામળદાસ ગાંધી ટાઉન હોલ તાળીયોના ગડગડાથી ગુંજી ઉઠયો હતો. જૂનાગઢમાં રાજ્ય સરકારની રૂા.૪૩૮ કરોડની ગ્રાન્ટનાં વિવિધ વિકાસ કામનું ખાતમુહૂર્ત ઉપરકોટ સહિતના સ્થળના લોકાર્પણ માટે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટાઉનહોલ ખાતે પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે, આ નગરની જનતાને પોતાનું નગર લીવેબલ અને લવેબલ લાગવું જોઈએ. જૂનાગઢમાં જ્યારે ખુબ પાણી પડ્યું ત્યારે ક્યાંકને ક્યાંક કઈ મુશ્કેલીઓ કોનાથી આવી છે તેના ઉપર ધ્યાન ગયું.

વોકળા ઉપરના દબાણો કે જ્યાં બાંધકામ થઈ ગયા છે તે દૂર કરવા જોઈએ. મેં કલેક્ટર અને કમિશ્નરને સૂચના પણ આપી છે કે દરેક સ્થળનું મેપિંગ થઈ જાય પછી આવા બાંધકામ કેમ દૂર કરી શકાય તે અંગે કામ કરવું જોઈએ. લોકોને ફરીથી આવી મુશ્કેલી ન વેઠવી પડે તે માટે આ કાર્ય કરવું પડશે. એ માટેના પ્રયત્નો તમારામાંથી ચૂંટાયેલા લોકોએ, હા મેયર અને ડેપ્યુટી મેયરે આ કાર્ય કરવું પડશે. સાથે સાથે ભૂગર્ભ ગટરનું કાર્ય ઝડપથી પૂર્ણ કરીને હવે રસ્તા બનાવવા જોઈએ. એમ કહીને પદાધિકારીઓ તરફ નજર કરી મુખ્યમંત્રીએ પૂછ્યું હતું, ક્યારે રસ્તા સારા બની જશે. તો જવાબ મળ્યો કે ટેન્ડરિંગ કરી દેવામાં આવ્યું છે. ત્યારે મુખ્યમંત્રી કહ્યું હતું કે, દિવાળી પહેલા રસ્તા બની જાય તો ઉત્તમ છે. ભૂગર્ભ ગટરનું કામ લાંબા સમયથી ચાલતું હોઈ શહેરના લોકોને મુશ્કેલી ભોગવવી પડી એ સાચું પણ કામ ઝડપથી થાય તે કરવું પડશે. અમારે તો તમારી બાજુથી જ બોલવાનું છે એ નક્કી છે. મુખ્યમંત્રીએ શાસકો તરફ જોઈને કહ્યું હતું કે, જૂનાગઢ કોર્પોરેશન થયું તેને કેટલા વર્ષ થયા? તો જવાબ મળ્યો ૧૯ વર્ષ. એ સાંભળી મુખ્યમંત્રીએ કહ્યું કે, તો આટલા વર્ષે શહેરને જોવાનો લોકોનો નજરીયો પણ બદલાયો હશે. હવે આ શહેર મહાનગર પણ લાગવું જોઈએ. ઝડપથી ભૂગર્ભ ગટર સહિત ના કામ પૂર્ણ કરો. સાથે સાથે હવે પછી શું કરવાનું છે તેનું આયોજન પણ કરો સરકાર નાણાં આપશે આપણે જૂનાગઢને એક પ્રવાસન નગરી તરીકે વિકસાવવું છે અને તેના માટે ગુજરાત સરકાર તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર પણ જરૂરી તમામ સહાય પુરી પાડવા તત્પર છે. જૂનાગઢ શહેરને અન્ય પ્રવાસન સ્થળોને સાંકડી લેવા માટેની એક સર્કિટ બનાવવા જઈ રહ્યા છે અને રસ્તા સહિતના કામોને ઝડપભેર પુરા કરવાના છે તેમ પણ તેઓએ જણાવ્યું હતું.

### ટેન્ડરીંગ પ્રક્રિયા થઈ જ નથી મુખ્યમંત્રીને ગેરમાર્ગે દોર્યા

મુખ્યમંત્રીએ જયારે રસ્તાઓ અંગેની વાત આવી ત્યારે આ રસ્તાઓને દિવાળી પહેલા તૈયાર થઈ જશેને ? તેવી ટકોર કરી હતી ત્યારે કમિશનરે એવો જવાબ આપ્યો હતો કે ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ એવી ચર્ચા છે કે હજુ સુધી ટેન્ડર આપવામાં જ આવ્યું નથી તેવું જાણકાર વર્તુળ જણાવી શકે છે. ગુજરાતના મુખ્યમંત્રી સાથે પણ જો આ કુટનિતી વાપરવામાં આવતી હોય તો જૂનાગઢના પ્રજાજનો સાથે શું ખેલ પાડવામાં આવતો હોય છે તે હવે જૂનાગઢની બુધ્ધીશાળી જનતાએ જ વિચારવાનું રહ્યું.

# શામળદાસ ગાંધી ટાઉન હોલમાં એસીની સ્થિતિ અંગે જૂનાગઢ કમિશ્નરને પકડાવ્યા કાન



**એક પણ નેતાના વખાણ તો ઠીક પરંતુ તેમના કામથી નારાજ હોવાનું સ્પષ્ટ નજરે ચઢ્યું હતું**

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢના પ્રવાસે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તબક્કાવાર આયોજિત વિકાસના કામોમાં હાજર રહેલા ભાજપના એક પણ નેતાના વખાણ તો ઠીક પરંતુ તેમના કામથી નારાજ હોવાનું સ્પષ્ટ નજરે ચઢ્યું હતું. જૂનાગઢના રાજકીય પ્રવાસે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓનો ઉતારો લીધો હતો અને કહ્યું હતું કે છેલ્લા ૧૯ વર્ષથી કામ કરો છો ત્યારે તમે જૂનાગઢ નો શું વિકાસ કર્યો ? એવો ઉધડો જાહેરમાં લેતા તમામ નેતાઓ પણ આઘા પાછા થઈ ગયા હતા અને મુખ્યમંત્રીએ પૂછેલા પ્રશ્નનો જૂનાગઢના એકપણ નેતા યોગ્ય ઉત્તર આપી શક્યા ન હતા આટલું ઓછું હોય ત્યાં જૂનાગઢના ટાઉનહોલની અંદર એસીની પરિસ્થિતિ અંગે મ્યુનિસિપલ કમિશ્નરને હોલમાં એસી કેમ બંધ છે ? તેવો પ્રશ્ન પૂછ્યો હતો. એટલું જ નહીં સરકારી અધિકારીઓ અને રાજકીય નેતાઓ સમક્ષ જોઈને એવો પ્રશ્ન પણ કર્યો હતો કે સરકાર વિકાસના કામો કરવાના દાવા કરે છે . ત્યારે હોલમાં એસી તો બંધ છે. તેવું નિવેદન કરી તરતજ જૂનાગઢ કમિશ્નર સાથે મુખ્યમંત્રીએ સીધો વાર્તાલાપ કર્યો હતો અને કહ્યું હતું કે હોલમાં એસી છે કે નહીં? હું જ્યારથી આવ્યો છું ત્યારથી લોકો ગરમીથી શેકાઈ રહ્યા છે. તેવો પ્રશ્ન કમિશ્નરને પૂછતા તેમને વળતો ઉત્તર આપ્યો હતો કે ઓવર ક્રાઉડના કારણે એસીનું કામ યોગ્ય થતું નથી. જોકે કમિશ્નરના આવા વાહિયાત ઉત્તરથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તરત રોકડું પરખાવી દીધું હતું કે આ હોલમાં બેઠક ક્ષમતાથી વધારાનો ક્રાઉડ મને જોવા મળતો નથી. તેવું કહેતાં જ મ્યુનિસિપલ કમિશ્નર અને તેમની ટીમ મુખ્યમંત્રીનો આ ઋતબો જોઈ ચોંકી ઉઠ્યા હતા.

જોકે એસીની વર્તમાન પરિસ્થિતિ અંગે મુખ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીને જાહેરમાં પ્રશ્ન પૂછતા ભુપેન્દ્ર પટેલની આ સ્ટાઈલ જૂનાગઢવાસીઓના મન મોહી ગઈ હતી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કરેલા વાર્તાલાપને વધાવ્યો હતો. સમગ્ર પ્રવાસમાં મૃદુ અને શાંત સ્વભાવ ધરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આક્રમક મિજાજ ધરાવતા રાજકીય તમામ નેતાઓ અને અધિકારીઓ એ શું ઉત્તર આપવો ? અને શું સ્પષ્ટતા કરવી ? તેની વિટામણ અનુભવતા હતા.

# વિસાવદર તાલુકાના વિરપુર ગામેથી ૧૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૯

વિસાવદર તાલુકાના વિરપુર ગામેથી પોલીસે ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી લીધેલ છે અને બે વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર વિરપુર ગામ નજીકથી મહાવિર ઉમેદભાઈ (ઉ.વ.૨૦) તેમજ હાજર નહી મળી આવનાર રાજેશ ઉર્ફે લાલો ભુપતભાઈ વાળા પોતાના હવાલાની સુઝીકી કંપનીની સ્વીફટ ફોરવ્હીલ નંબર જીજે-૦૪-બીઈ-૫૧૮૨ વાળીમાં ભારતીય પરપ્રાંત બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૧૮૮ મોબાઈલફોન તથા ગાડી વિગેરે મળી રૂા.૨,૩૦,૨૦૦ના મુદ્દામાલ પોલીસે જપ્ત કરેલ છે. જયારે આરોપી નં-૧ સ્થળ ઉપરથી મળી આવેલ છે જયારે આરોપી નં-૨ હાજર નહી મળી આવતા બે સામે ગુનો નોંધી વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપરકોટના ભવ્ય નજારાને માણવા લોકોમાં પણ ભારે ઉત્સાહ




## આજે સવારના ૯ વાગ્યા સુધીમાં ૪૦૦થી વધુ લોકો એ ઉપરકોટના કિલ્લાનો આનંદ માણ્યો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯

જૂનાગઢનું અમૂલ્ય નજરાણું બની ગયેલા ઐતિહાસિક ઉપરકોટનું ગઈકાલે મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે લોકાર્પણ થયા બાદ રૂા.૭૪ કરોડના ખર્ચે તૈયાર નવીનિકરણ પામેલા ઉપરકોટના દ્વાર ખુલી ગયા છે ત્યારે આજે ૨૯-૯-૨૦૨૩ના સવારના ૯ વાગ્યા સુધીમાં અંદાજીત ૪૦૦થી વધુ લોકોએ ઉપરકોટના કિલ્લાનો આનંદ માણ્યો છે. સદીઓથી ઉભેલા ઉપરકોટનો કિલ્લો પ્રવાસીજનતાને અહીં આવવા આહવાન આપી રહ્યો છે. સવારના ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી ઉપરકોટના દ્વાર ખુલ્લા રહેશે. તેમજ આજ તા.૨૯ થી સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર સુધી વિનામુલ્યે જનતાને પ્રવેશ આપવામાં આવી રહેલ છે.

# જૂનાગઢમાં જુની આરટીઓ કચેરી માર્ગ ઉપર છેલ્લા છ માસથી લાઈટો બંધ, લોકોને પડતી મુશ્કેલી

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેરમાં ભાજપ શાસિત મહાનગરપાલિકાના સત્તાધીશો લોકોના કોઈ કામ કરી શકતા ન હોવાની અને પ્રજાને પ્રાથમિક પ્રશ્ને પણ ખુબજ રાહ જોવી પડે છે તેવી અનેક ફરીયાદો ઉઠવા પામી છે ત્યારે શહેરના જુની આરટીઓ કચેરી વાળા માર્ગ ઉપર છેલ્લા છ માસથી લાઈટ ન હોવાને કારણે અહીંના રહેવાસીઓને ભારે મુશ્કેલી પડી રહી છે અને આ બાબતે તાત્કાલીક પગલા ભરવાની માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં લાઈટ, પાણી, રસ્તા, ગટર સહીતના અનેક પ્રશ્નો વણઉકેલ્યા જેમના તેમ પડેલા છે. સત્તાધીશોના કામે રજુઆતો કરવા છતાં કોઈ જાતનો ઉકેલ આવતો નથી તેવી ચર્ચા છડેચોક લોકો કરી રહયા છે. આ દરમ્યાન જૂનાગઢ શહેરના જુના આરટીઓ રોડ ઉપર વિજળીની લાઈટો છેલ્લા છ માસથી બંધ છે.

અને અહીં રહેનારા લોકોને રાત્રીના સમયે અવર-જવર કરવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહયો છે. એટલું જ નહીં લાઈટો પણ બંધ અને રસ્તાની હાલત પણ જર્જરીત હોય જેને કારણે પગપાળા જતા લોકોને પણ ક્યારે સંભવિત અકસ્માતનો ભોગ બનવું પડે તેવી હાલત છે. નગરપાલિકાના શાસકોને જરા પણ શરમ જેવું હોય તો લોકોના પ્રાણપ્રશ્નોને ઉકેલી નાખે અને આ સાથે જ જુની આરટીઓ રોડ ઉપર અંધારા છે. તેને લઈને યોગ્ય કાર્યવાહી કરીને લાઈટની વ્યવસ્થા કરી દેવા પ્રજાની લાગણી અને માંગણી છે.

મનપાનાં શાસકો અસર પસર ખો આપતા હોવાથી આ વિસ્તારમાં રહેતા લોકોની હાલતમાં મુશ્કેલીનો ભારે સામનો કરવો પડી રહયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

એક શુભેચ્છક

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

